# સાબરકાંઠા અને અવરલ્લીની હદ દર્શાવતા બોર્ડ લગાવવામાં અધિકારીઓ ભાન ભૂલ્યા

મોડાસા, તા. ૮

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની હદ ક્યાંથી શરૂ થાય અને ક્યાં પૂરી થાય તેની વહીવટી તંત્રના અધિકારીઓને જાણે કે કોઈ જ ગતાગમના હોય એમ બન્ને જિલ્લાની હદ પૂરી થવા અને શરૂ થવાના બોર્ડ લગાવી દેવામાં આવતા તંત્રની અણઆવડત સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. બે વર્ષ અગાઉ સાબરકાંઠા જિલ્લામાંથી અરવલ્લી જિલ્લો જુદો પાડવામાં આવ્યો હતો ત્યારે બંને જિલ્લાઓનો તેમજ અરવલ્લી જિલ્લાની હદ શરૂ અને હદ પૂરી ના બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. આ બોર્ડ વાંચીને વાહચાલકો સહિતના અનેક લોકોમાં વિમાસણ ઉભી થઈ છે ત્યારે વહીવટી તંત્ર આ બાબતે જાગૃત બની પોતાની અણઆવડતને સુધારી લે અને યોગ્ય જગ્યાએ આ બોર્ડ લગાવે તે આવશ્યક છે.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની હદ ક્યાંથી શરૂ થાય અને ક્યા પૂરી થાય તેની વહીવટી તંત્રના અધિકારીઓને જાણે કે કોઈ જ ગતાગમ ન







**અરવલ્લીની હદમાં સાબરકાંઠાની હદ દર્શાવતું બોર્ડ લગાવી દેવામાં આવ્યું : બોર્ડ લગાવી દેવાના અહેવાલ ઇલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસારીત થતાં માર્ગ મકાનના અધિકારીઓ ભાનમાં આવ્યા : તાત્કાલીક દોડી જઈને બોર્ડ એની મૂળ હદમાં લગાવ્યા**

વહીવટ પણ ધીરે ધીરે સ્વતંત્ર રીતે વહીવટી તંત્ર દ્વારા શરૂ કરી દેવાયો હતો. પરંતુ માર્ગ અને મકાન વિભાગને અરવલ્લી જિલ્લાની હદ ક્યાંથી શરૂ થાય અને ક્યાં પૂરી થાય તેનો કોઈ જ ખ્યાલ ન હોય એમ સરકારી નાણાનો વ્યર્થ થાય તેવી રીતે મોડાસાથી માત્ર ૭ કિ.મી.ના અંતેર આવેલા લીંભોઈ નજીકના મુખ્ય માર્ગ પર સાબરકાંઠા જિલ્લાની હદ શરૂ અને હદ પૂરી હોય એમ બન્ને જિલ્લાની હદ પૂરી થવા અને શરૂ થવાના બોર્ડ લગાવી દેવામાં આવતા તંત્રની અણઆવડત સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. તંત્રને પોતાની ભૂલનો અહેસાસ થતા જ ગણતરીના કલાકોમાં જ તાત્કાલિક ધોરણે બોર્ડ તે જગ્યાએથી હટાવવાની કામગીરી કરીને ઓરીજનલ હદ આવે ત્યાં આ બોર્ડ લગાવવાની કામગીરી કરવામાં આવી હતી.

# લાખાણી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં માનવતાને શરમાવે તેવું કૃત્ય

## નર્સ દ્વારા પ્રસૂતાને ધક્કા મારી રૂમમાંથી બહાર કાઢાઈ : પ્રસૂતાએ બહાર બાળકને જન્મ આપ્યો : નર્સ લાજવાના બદલે ગાજવા માંડી : ખોટી ફરિયાદ કરી ફસાવી નાખવાની પરિવારજનોને આપી ધમકી

ધાનેરા, તા.૮

બનાસકાંઠાની લાખણી રેફરલ હોસ્પિટલમાં માનવતાને પણ સરમાવે તેવો એક કિસ્સો બહાર આવ્યો છે રેફરલ હોસ્પિટલ માં નોકરી કરતી એક નર્શે પ્રસૂતાને ધક્કા મારી રૂમની બહાર નીકાળી



અને મહિલાએ હોસ્પિટલ ની બહાર જ બાળકને જમણ આપ્યો.

રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનાદીબેન પટેલ દ્વારા મહિલાઓ માટે અનેક વિવિધ યોજનાઓ અમલી બનાવી છે જેમાં પ્રસુતા મહિલા અને બાળકો માટે ની વિશેષ કાળજી પણ લેવામાં આવી રહી છે તેમાં છતાં પ્રસુતા મહિલા સાથે ખરાબ વર્તન કરી સરકારી કર્મચારીઓ માનવતાને નેવે મૂકી રહ્યા છે ત્યારે જો વાત કરવામાં આવે બનાસકાંઠા જીલ્લાના લાખણી તાલુકાની તો લાખણી તાલુકાના કુડા ગામે રહેતા જમનાબેન પુરાભાઈ પરમારને પ્રસુતિની પીડા ઉપડતા તેમને ડીલીવરી માટે ૧૦૮ દ્વારા લાખણી રેફરલ હોસ્પિટલમાં લાવવામાં aavya હતા પરંતુ ત્યાં તબીબ હાજર ન હોવાના કારણે નરશ દ્વરા આ મહિલાને ડીલીવરી રૂમમાં લઈ ગયા હતા પરંતુ ત્યાં પુરતી સારવાર ન મળતા પ્રસુતા ના પરિવાર દ્વારા નરશને સારવાર કરવા માટેની ટકોર કરતા ફાટીને ધુમાડે ગયેલી નર્શે ઉશ્કેરાઈ જઈ પ્રસુતા ને ધક્કો મારી ડીલીવરી રૂમ માંથી બહાર નીકળી હતી અને પ્રસુતા ની પીડા થી પીડાઈ રહેલી મહિલા રેફરલ હોસ્પિટલની ઓસરીમાજ સારવાર માટે તરફડી રહી હતી અને તે બાદ આ મહિલા રેફરલ હોસ્પિટલ ની ઓસરી માજ પુત્રી ને જન્મ આપ્યો હતો પરંતુ હદ તો ત્યારે થઈ હતી કે ડીલીવરી થયા બાદ પણ રેફરલ હોસ્પિટલની નર્શે આ મહિલાને સારવાર અ આપી જયારે પ્રસુતા ના પરિવાર દ્વારા આ બાબતે ગામના અગ્રણીઓ ને બોલાવતા ફાટીને ધુમાડે ગયેલી નર્શ લાજવા ના બદલે ગાજવા માંડી હતી અને ખોટી ફરિયાદ કરી ફસાવી નાખવાની ધમકી પણ આપી હતી ત્યારે પ્રસુતાની સાસુ સમૂહબેન દ્વારા આગથળા પોલીસ મથકમાં રજૂઆત કરતા આગથળા પોલીસે ઘટના સ્થળે આવી મામલો થાળે પડ્યો હતો નવ મહિના બાળકને



પેટમાં ઉછેરીને જે વેદના સહન કરી તેના કરતા નર્શે જયારે આ પ્રસુતાને ધક્કો મારી હાંકી કાઢી ત્યારે એ વેદનાએ માતાના હદયને હચમચાવી દીધું હતું. આ ઘટનાથી પ્રસુતા પર શું વીતી હશે. તે તો તેજ જાણે પ્રસુતા ટાણે જે નિર્દય બનેલી નર્શે માનવતા ને નેવે મૂકી ત્યારે આ પ્રસુતા એ રેફરલ હોસ્પિટલ ની ઓસરીમાં જ બાળક ને જન્મ આપ્યો. આ ઘટના બન્યા બાદ પણ જીલ્લાની નિષ્ક્રિય તંત્ર તમાશો જોતો રહ્યું આ છે ગતિશીલ ગુજરાતમાં મહિલાઓની અધોગતિ.

## ખેડબ્રહ્માના રેલવે સ્ટેશન પાસેથી ચાર શકુની ઝડપાયા

હિંમતનગર, તા. ૮

ખેડબ્રહ્માના રેલ્વે સ્ટેશન નજીક ખુલ્લી જગ્યામાં બુધવારે રાત્રે ચાર જુગારીઓને ગંજીપાનાનો હારજીતનો જુગાર રમતા ઝડપી પાડી જેલને હવાલે કરી દીધા છે.

બુધવારની રાત્રે ૯ વાગ્યાના સુમારે રેલ્વે સ્ટેશન નજીક લાઈટના અજવાળામાં ચાર જુગારી ગંજીપાનાનો હારજીતનો જુગાર રમતા પોલીસે ઝડપી પાડયા હતા ત્યારબાદ તેમની પાસેથી પોલીસે ગંજીપાના નંગ૫૨ તથા રૂા.૫૦૦, રૂા.૧૦૦, રૂા.૫૦ અને રૂા.૧૦ના દરની ૨૬ નોટો, રૂા.૨૪૦૦, મોબાઈલ નંગ૩ રૂા.૨૯૫૦ મળી કુલ રૂા.૫૩૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી જુગાર રમતા ખેડબ્રહ્માના સુરેશભાઈ રમણલાલ રાવલ, નરેશભાઈ લાલાભાઈ પ્રજાપત, આમીરનુર અસગરઅલી બંગાળી અને વિક્રમભાઈ દલસુખભાઈ દેવીપુત્રની અટકાયત કરી હતી.



## પલ્લાચરમાં મંજૂરી વિના સંમેલન યોજતા ૯ની અટકાયત

પ્રાંતિજ તાલુકાના પલ્લાચાર ગામે વગર મંજુરીએ જાહેર સભા યોજવા બદલ ક્ષત્રિય ઠાકોર સેનાના દશ વિરુદ્ધ પોલીસ ફરિયાદ થઈ હતી. પલ્લાચાર ખાતે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા ગત રવિવારના રોજ વગર મંજુરીએ સંમેલન યોજાયું હતું જેમાં ૪૦૦ થી ૫૦૦ જેટલા લોકો ભેગા થતા પ્રાંતિજ પોલીસ દ્વારા આયોજકો તથા સભામાં સંબોધન કરનાર દશ વિરુદ્ધ જાહેરનામાનો ભંગ કરવા બદલ ફરિયાદ નોંધવામાં આવી હતી. જેમાં તમામની આજ ગુરુવારના રોજ પોલીસે અટકાયત કરી હતી. તમામને તા. ૯.૧૦.૨૦૧૫ના રોજ શુક્રવારના રોજ તલોદ કોર્ટમાં હાજર કરવામાં આવશે. જેમાં ચૌહાણ જેઠુસિંહ ફતેસિંહ, ચૌહાણ બાલુસિંહ પુંજસિંહ, ચૌહાણ રામસિંહ કાંતિસિંહ, ચૌહાણ જયેન્દ્રસિંહ હઠુસિંહ, ચૌહાણ જગતસિંહ સનસિંહ, રણજીતસિંહ જેઠુસિંહ બધાં રહે, પલ્લાચર જયારે દિપક ઠાકોર (વડાલી), ભરતસિંહ ઠાકોર (સીતવાડા), પ્રવીણ સિંહ ઠાકોર (દહેગામ), પ્રશાંત ઠાકોર (વડાલી)નો સમાવેશ થાય છે.

## ખેડબ્રહ્મામાંથી વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૮

ખેડબ્રહ્માની ભકિતનગર સોસાયટીમાંથી બુધવારે પાસ પરમીટ વગર એક કારમાં લઈ જવાતા રૂા.૨૮,૮૦૦ ની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ જણાને ખેડબ્રહ્મા પોલીસે ઝડપી લીધા હતા.

આ અંગેની વિગત એવી છે કે ભકિતનગર સોસાયટીમાંથી નૈયસદકુમાર નટવરલાલ જોષી બુધવારે બકો મળી બે જણા કાર નં.જીજે.૯.પીએ.૪૩૦૬ ની અંદર પાસ પરમીટ વગર દારૂ ભરીને કનકબેન મહેશભાઈ રતનલાલ શાહને આપવા જતા હતા. જે સંદર્ભે પોલીસે તેમને કાર સાથે ઝડપી લઈ રૂા.૨૮,૮૦૦ ના દારૂ, ત્રણ મોબાઈલ મળી રૂા.૧.૩૦ લાખનો મુદ્દામાલ નૈયસદકુમાર જોષી પાસેથી ઝડપી લીધો હતો અને ત્રણ જણા વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

# મોડાસાની માઝૂમ નદીના પવિત્ર નીર દારૂથી પ્રદૂષિત

## શામળાજી પોલીસ દ્વારા ઝડપાયેલા કરોડો રૂપિયાના વિદેશી દારૂનો જથ્થો નાશ કરવામાં પોલીસતંત્રની ઘોર બેદરકારી બહાર આવી : મોડાસાના પ્રજાજનોમાં આક્રોશ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના શામળાજી પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબેશનના ગુનામાં ઝડપાયેલા વિદેશી દારૂના ૭.૭ કરોડનો જથ્થો મોડાસાના મદાપુર ગામની સીમ નજીક ખરાબાની જગ્યામાં બે દિવસ અગાઉ નશાબંધી અને વિસ્તારમાંથી છેલ્લા ત્રણ વર્ષમાં પ્રોહીબેશનના જુદા જુદા કેસમાં ઝડપાયેલો વિદેશી દારૂનો ૭.૭ કરોડનો જથ્થો મોડાસાના મદાપુર ગામની ખરાબાની જમીનમાં પ્રાંત અધિકારી આચાર્ય, નશાબંધી ખાતાના અધિકારી નાયક, ડીવાયેસપી રાઠોડ અને શામળાજી અસહ્ય દુર્ગંધથી ઉભા રહી ટોળે વળ્યા હતા. અને બિયરના ટીન ખુલ્લેઆમ ધોવાતા નજરે પડતા શહેરીજનોમાં આક્રોશ ફેલાયો હતો. માઝૂમ નદીની અંદર નદીનું પાણી અંડરગ્રાઉન્ડ ચેકડેમ બનાવી આ પાણી મોડાસાના પ્રજાજનોને પીવા માટે પુરૂ પડાય છે. ત્યારે બિયર અને



વહીવટીતંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં બુલડોઝર ફેરવી નાશ કરાયાનો સંતોષ વ્યક્ત કરી કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. પરંતુ પોલીસતંત્ર અને વહીવટીતંત્રની દારૂના જથ્થાને નાશ કરવામાં ઘોર બેદરકારી બહાર આવી હતી. બુલડોઝર ફેરવાયેલા બીયરના ટીન ત્યાં જ છોડી દેવાતા મજદૂરી કરી જીવનનિર્વાહ ચલાવતા લોકો દ્વારા બીયર ભરેલા ટીન માટે પડાપડી થઈ હતી. ભંગારના લે-વેચનો વેપાર કરતા પરિવારજનો દ્વારા ટીન લાવી માઝૂમ નદીમાં ખુલ્લેઆમ ધોવામાં આવતા માજુમ નદીના પવિત્ર નીર દારૂથી પ્રદૂષિત બનતા શહેરીજનોમાં આક્રોશ ફેલાયો છે.

શામળાજી પોલીસ મથક પોસઈ આર.ટી. ઉદાવતની ઉપસ્થિતિમાં નાશ કરાયાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. પરંતુ પોલીસતંત્ર અને જિલ્લા વહીવટીતંત્રની વિદેશી દારૂના જથ્થાના નાશ કરવાની કામગીરીમાં ઘોર બેદરકારી સામે આવી હતી અને બીયરના ટીન બુલડોઝર ફેરવ્યા બાદ ત્યાં જ છોડી દેવાતા મોડાસા શહેર અને આજુબાજુમાં ભંગાર વેચી ગુજરાન ચલાવતા પરિવારો દ્વારા બીયરના ટીન લેવા પડાપડી થઈ હતી અને આ બિયરના ટીન મોડાસા શહેરની માઝૂમ નદીના પૂલના નીચે ભંગાર વેચતા પરિવાર દ્વારા ખુલ્લામાં ધોવામાં આવતા પુલ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓના વિદેશી દારૂની દારૂ સાથે ભેળવાયેલુ પાણી મોડાસા શહેરીજનોને પુરૂ પડાશે ? માઝુમ નદીના પવિત્ર નીર બિયર અને વિદેશી દારૂની પ્રદૂષિત થતા જવાબદાર અધિકારીઓ સામે પગલા ભરાશે કે કેમ ? બીજીવાર ભંગાર વેચતા પરિવાર દ્વારા ખુલ્લામાં બીયરના ટીન ધોવામાં આવતા હોવા છતાં નગરપાલિકા તંત્ર અજાણ કે પછી આંખ આડા કાન જેવા અનેક પ્રસ્નો શહેરીજનોમાં ઉદ્ભવ્યા છે.

માઝૂમ નદીના પુલ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકો દ્વારા મઝાકના શૂરમાં જણાવ્યું હતું કે નગરપાલિકા દ્વારા આ પાણીનો ઉપયોગ શહેરજનોને પીવા પુરો પડાશે તો મોડાસાના નગરજનો ઝૂમતા અને નાચતા જોવા મળશે.

# મેઢાસણમાં થયેલ ધિંગાણામાં બન્ને પક્ષે સામ-સામે પોલીસ ફરીયાદ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામે બાઈક ઓવરટેક મુદ્દે બોલાચાલી થતાં મંગળવારે રાત્રે કેટલાક રાજપુત અને પટેલ સમાજના યુવાનો સામસામે આવી જતા મારામારીની ઘટના સર્જાતા અજંપાભરી સ્થિતિ સર્જાઈ હતી. મારામારીની ઘટનાના પગલે રાજપુત સમાજના યુવાન યુવરાજસિંહ દ્વારા બુધવારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ બુધવારે રાત્રે પ્રવિણભાઈ કચરાભાઈ પટેલ દ્વારા રાજપુત સમાજના પાંચ યુવાનો સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં રાજપુત સમાજના યુવાનો દ્વારા ફરિયાદીના ભત્રીજા મયંકકુમાર અને ભૌમિકકુમાર મંગળવારે રાત્રે માર્ગ પર પસાર થતા હતા ત્યારે રાજપુત સમાજના યુવાનો દ્વારા બોલાચાલી કરી ગેરકાયદેસર મંડળી બનાવી મયંકકુમાર શિવાભાઈ પટેલ અને તેના મિત્રો પર પાવડાના હાથા વડે તુટી પડી ઢોર માર મારી, બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવરાજસિંહ જયેન્દ્રસિંહ જોધ્ધા, હમરાજસિંહ રામસિંહ જોધ્ધા, કિર્તીરાજસિંહ કિરીટસિંહ ભાટી, કિરીટસિંહ શેતાનસિંહ ભાટી, શૈલેન્દ્રસિંહ રણજિતસિંહ જેતાવત (તમામ રહે. મેઢાસણ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે તમામ સામે ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી.પી.એફ. કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અંબાજીમાં માઈ ભક્ત દ્વારા મા ના ચરણોમાં અડધો કિલો સોનુ અર્પણ

પાલનપુર, તા. ૮

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરને ભારત ભરમાં સર્વ પ્રથમ સંપુર્ણ સુવર્ણમય બનાવવાના ભાગરૂપે ટ્રસ્ટ દ્વારા માઈભક્તોના આ સુવર્ણ અવસર નિમિત્તે અમદાવાદના એક માઈભક્ત દ્વારા અડધા કિલો સોનાની ભેટ ધરવામાં આવી હતી. અંબાજી મંદિરમાં મોટી માત્રામાં સોનાના દાનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે. જગત જનની મા અંબાના આ પ્રસિદ્ધ મંદિરને સંપુર્ણપણે સુવર્ણમય બનાવવાના દેવસ્થાન ટ્રસ્ટના આ મહત્વકાંક્ષી યોજનાને યાત્રિકોમાંથી ઘણો જ પ્રતિસાદ સાંપડેલ છે. અત્યાર સુધી ૮૪ કિલોથી પણ વધુ સોનાનું દાન ટ્રસ્ટને મળી ચુકેલ છે. તે અંતર્ગત હાલમાં સુવર્ણમય બનાવવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે. આ કાર્ય પુર્ણ થશે ત્યારે ભારતભરમાં સર્વપ્રથમ આ મંદિર સુવર્ણમય હશે. યાત્રિકો દ્વારા અવિરત સોનાના દાનનો પ્રવાહો વહી રહ્યો છે. આજે અમદાવાદ નિવાસી એક માઈ ભક્ત દ્વારા ૫૦૦ ગ્રામ સોનાના દાનની ભેટ ધરાવવામાં આવી હતી. જેની અંદાજીત કિંમત ૧૩ લાખ ૫૨ હજાર થવા જાય છે.

## ડીસા માર્કેટયાર્ડ દ્વારા સ્વચ્છતા મિશનમાં ૧,૧૧,૧૧૧ લાખનું દાન

પાલનપુર, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરમાં શરૂ કરાયેલ સ્વચ્છતા મિશનમાં ડીસા માર્કેટયાર્ડ દ્વારા આર્થિક અનુદાન આપવામાં આવ્યું છે. ગુરુવારે બનાસકાંઠાના લાખણી ખાતે નવનિર્મિત મામલતદાર કચેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલા રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા રૂ. ૧,૧૧,૧૧૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. સ્વચ્છ ભારત - સ્વસ્થ ભારત મિશનને એક વર્ષ પૂર્ણ થતાં આ અભિયાન આગામી સમયમાં પણ જોરશોરથી ચાલે તે માટે સરકાર દ્વારા સ્વૈચ્છીક, સામાજિક અને સહકારી સંસ્થાઓને પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ વધુમાં વધુ લોકજાગૃતિ ફેલાવવા આહ્‌વાન કરાયું છે.





કાંકરેજ તાલુકાના રાનેર ગામે એક પરિવારના સાત સભ્યોએ રાત્રીના સમયે બિન આરોગ્યપ્રદ ખોરાક ખાઈ લેતા ફૂડપોઈઝન થયું હતું. આથી તમામની હાલત લથડતા તાત્કાલિક સારવાર અર્થે શિહોરી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કાંકેરજ તાલુકાના રાનેર ગામે રહેતા બકાજી રતનજી જાદવના પરિવારના સભ્યો ગત રોજ સાંજે જમી પરવારી ગયા હતા. રાત્રીના સમયે ભોજનમાં કોઈ બિન આરોગ્યપ્રદ ચીજવસ્તુ ખાઈ લેતા તમામ સભ્યોને ઉલ્ટી થવા લાગી હતી. અને ટુંકા ગાળામાં જ શરીરમાં ગભરામણ થવા લાગી હતી. પરિણામે આસપાસના રહીશોએ તાત્કાલિક સારવાર અર્થે તમામને શિહોરી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બકાજી રતનજી જાદવ, ટીનાજી રતનજી જાદવ, હંસાબેન બકાજી જાદવ, કંકુબેન રતનજી જાદવ, કિરણબેન બકાજી જાદવ, ક્રિષ્નાબેન બકાજી જાદવ, રતનજી પતાજી જાદવને સારકવાર આપવામાં આવી હતી. હાલ ૭ પૈકી ૬ દર્દીઓની હાલત સુધારા પર છે. જ્યારે એકની હાલત નાજુક હોવાથી સારવાર થઈ રહી છે.